1. 1 ઇંચ : 1 માઈલ પ્રમાણમાપ ધરાવતા નકશાને કયા નામે ઓળખવામાં આવે છે.

- 1 ઇંચ : 1 માઈલ પ્રમાણમાપ ધરાવતા નકશાને વન ઇંચ (One Inch) નામે ઓળખવામાં આવે છે.

2.ભૂમિસ્વરૂપોની ઊંચાઈ દર્શાવવા માટે સ્થળવર્ણન નકશામાં કઈ કઈ પદ્ધતિનો ઉપયોગ થાય છે?

- ભૂમિસ્વરૂપોની ઊંચાઈ દશાવવા માટે સ્થળવર્ણન નકશામાં ચિત્રાત્મક અને ગાણિતિક એમ બે પદ્ધતિઓ વપરાય છે.

3. ભારતમાં સ્થળવર્ણન નકશા તૈયાર કરતી સંસ્થા કયા નામે ઓળખાય છે ?

- ભારતમાં સ્થળવર્ણન નકશો તૈયાર કરતી સંસ્થા 'ધી સર્વે ઑફ ઇન્ડિયા' નામે ઓળખાય છે.

4. સ્થળવર્ણનના નકશામાં ખેતીનું સૂચન કયા રંગ દ્વારા થાય છે?

- સ્થળવર્ણનના નકશામાં ખેતીનું સુચન પીળા રંગ દ્વારા થાય છે.

5. આરક્ષિત જંગલો માટે કઈ રૂઢ સંજ્ઞા વપરાય છે ?

- આરક્ષિત જે ગલો માટેઁ ह्ल रूढ़ સંશો વપરાય છે.

6. નકશામાં જળસ્વરૂપો દર્શાવવા કયો રંગ વપરાય છે?

- નકશામાં જળસ્વરૂપો દર્શાવવા વાદળી રંગ વપરાય છે.

7. સમોચ્ચ રેખાઓ વચ્ચે ઊંચાઈનો તફાવત કેટલો હોય છે?

- સમોચ્ચ રેખાઓ વચ્ચે ઊંચાઈનો તફાવત 20 કે 50 મીટરનાં હોય છે.

8. સ્થળ વર્ણનના નકશા કોને કહે છે?

- નાના ભૌગોલિક વિસ્તાર ઉપર પ્રાકૃતિક અને સાંસ્કૃતિક તત્ત્વોનું રૂઢ સંજ્ઞાઓ દ્વારા આલેખન કરવામાં આવે છે. તેને સ્થળવર્ણનના નકશા કહે છે.

9. નકશાનો સૂચક આંક એટલે શું?

- પ્રદેશોની વધુ વિગતો વધુ ચોકસાઈથી દર્શાવી શકાય તે હેતુથી પ્રત્યેક ડિગ્રી નકશાના વધુ 16 પેટાવિભાગો પાડવામાં આવે છે. નકશામાં આ પદ્ધતિ પ્રમાણે આપેલા ક્રમાંકને નકશાનો સુચક આંક કહેવામાં આવે છે.

10. સમોચ્ચ રેખા એટલે શું?

- માન્ય સમુદ્રસપાટીથી એકસરખી નિશ્ચિત ઊંચાઈ ધરાવતાં સ્થળોને જોડતી કાલ્પનિક રેખાને સમોચ્ચ રેખા (Contour lines) કહેવામાં આવે છે.

11. સ્થળ ઉચ્ચાંક (Spot height) પદ્ધતિમાં ઊંચાઈ કેવી રીતે દર્શાવવામાં આવે છે?

- સ્થળ ઉચ્ચાંક (Spot height) પદ્ધતિમાં એક નાનું બિંદુ દર્શાવી તેની બાજુમાં ઊંચાઈ લખવામાં આવે છે.